# ● મિટીંગ હેતુ સભાસદો જોગ ખાસ માર્ગદર્શીકા / નોંધ ●

૧) બેન્કની આ ૬૧મી e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભાનો ઈવન કોડ NSDL, EVEN No. 114774 છે.

૨) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીમાં જોડાવા હેતુ સભાસદશ્રીઓએ www.evoting.nsdl.com પર જઈને login કરવાનું રહેશે.

3) બેંકના જે સભાસદોએ તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં નોંધાયેલા હશે અને સભા તારીખ સુધી ચાલુ Active હશે. તેઓ આ e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાઈ શકશે.

૪) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા હેતુ બેંકમાં સભાસદશ્રીઓના મોબાઈલ નંબર નોંધાવવા આવશ્યક રહેશે. જે સભાસદોના મોબાઈલ નંબર બેંકના રેકર્ડ પર નહિં નોંધાયેલ હોય તેઓ e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાઈ શકશે નહીં.

૫) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા માટે User ID અને OTP આપવા આવશ્યક રહેશે. OTP બેંકમાં નોંધાયેલ Registered Mobile Number પર આવશે.

૬) User ID-NSDL દ્વારા આપવામાં આવેલ બેંકનો EVEN No. 114774 આથી સભાસદનો User ID 114774 અને ત્યારબાદ સભાસદનો મેમ્બરશીપ નંબર ૫ આંકડાનો ટાઈપ કરવાનો રહેશે. (દા.ત. (૧) જો સભાસદનો મેમ્બરશીપ નંબર ૧૫૦ હોય તો તે સભાસદનો User ID 114774 00150 રહેશે. (૨) જો સભાસદનો મેમ્બરશીપ નંબર ૨૧૧૧૨ હોય તો તે સભાસદનો User ID 114774 21112 રહેશે.) આથી દરેક સભાસદનો User ID કુલ ૧૧ આંકડાનો રહેશે.

૭) જે સભાસદોનાં મોબાઈલ નંબર બેંકમાં નોંધાયેલ ન હોય એ સભાસદોએ તા. ૬-૧૧-૨૦૨૦ બપોરે ૨-૦૦ કલાક સુધીમાં નિયમ અનુસારનાં કે.વાય.સી. સાથે મોબાઈલ નોંધણી ફોર્મ ભરી સહી (આવશ્યક કિસ્સાઓમાં સિક્કા સાથે) કચેરીએ રજુ કરી નોંધણી કરાવવાની રહેશે.

૮) સાધારણ સભાની નોટીસ બેંકની શાખાના નોટીસ બોર્ડ તેમજ બેંકની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે અને download કરી શકાશે.

૯) વૈશ્વિક મહામારીના પ્રર્વતમાન સંજોગોમાં બેંકની ૬૧મી e-AGM (વર્ચ્યુઅલ) સાધારણ સભા અંતગર્ત તા. ૩૧-૩-૨૦૨૦ ના પુરા થતા નાણાંકીય વર્ષમાં વાર્ષિક હિસાબો બેંકની વેબસાઈટ પર સંક્ષિપ્ત અને વિસ્તૃત વાર્ષિક અહેવાલનાં સ્વરૂપે ઉપલબ્ધ રહેશે અને download કરી શકાશે. સાધારણ સભા હેતું સભાસદોને પ્રતિ વર્ષ સંક્ષિપ્ત અને વિસ્તૃત વાર્ષિક અહેવાલ મોકલવામાં તેમજ બેંકની કચેરીએથી પુરા પાડવામાં આવતા હતા. જે આ વર્ષે વૈશ્વિક મહામારીનું સંક્રમણ ટાળવા/અટકાવવાના હેતુથી બંધ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત સભાસદશ્રીઓ ગુજરાત રાજય સહકારી અધિનિયમ-૧૯૬૧ ની કલમ -૩૩ ના પ્રાવધાન હેઠળની માહિતી મેળવવા જ હકકદાર છે જેની નોંધ લેશો.

૧૦) સભાસદશ્રીઓ માટે સભા દરમ્યાન કોમ્યુનીકેશન હેતુ ચેટબોક્ષની સુવિધા ઉપલબ્ધ રહેશે. જેનો ઉપયોગ સભાસદશ્રીઓ ઉકત પેરા (૯) ની મર્યાદામાં કરી શકાશે.

ગ્રાહકો / સભાસદો જોગ વિશેષ સુચના કે, જે સભાસદ/ગ્રાહક બેંક સાથેના તેઓના વ્યવહાર, માહિતીની આપ-લે તેમજ પત્ર વ્યવહાર ઈ-મેઈલ દ્વારા કરવા ઈચ્છુક હોય તેઓએ લાગુ પડતી શાખાની મુલાકાત લઈ પોતાનું ઈ-મેઈલ એડ્રેસ રજીસ્ટર કરાવવા ઘટતી કાર્યવાહી કરવી. બેંકના રેકર્ડ પર નહીં નોંધાયેલ હોય તેવા કોઈપણ ઈ-મેઈલ એડ્રેસ પરથી થયેલા કોમ્યુનીકેશનને ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ સભાસદો/ગ્રાહકોને લેવા વિનંતી છે.

**ખાસ સુચના :-**

**બેન્કના અહેવાલના વર્ષના ઓડીટરશ્રી દ્વારા ચકાસાયેલા અને પ્રમાણિત કરેલ વાર્ષિક હિસાબો નિયમાનુસાર પ્રસિધ્ધ કરાયેલ છે. જેનું વ્યક્તિગત રીતે વિશ્લેષણ કરી સોશીયલ મીડીયા દ્વારા કે અન્ય રીતે ચર્ચાઓ કરી સંસ્થાના હિતોને નુકશાન પહોંચાડવાની પ્રવૃતિ કરનાર/કરાવનાર સભાસદશ્રી કે અન્ય ની સામે બેન્કે લાગુ પડતા કાયદાના પ્રાવધાનો અંતર્ગત પગલા લેવાની ફરજ પડશે જેની ખાસ નોંધ લેશો...**